# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

**કોર્ટ પરની સામાન્ય ચૂંટણીની જાહેરાત યુનિવર્સિટી અધિનિયમ ૧૬ વર્ગ–૨ (એ) તથા સ્ટેચ્યુટ–૪ અને ૫ (૨), (૩) અન્વયે જાહેરાત ક્રમાંક : ૪૦/૨૦૨૨**

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના અધિનિયમ ૧૯૮૬ હેઠળ યુનિવર્સિટી કોર્ટ પર જુદા જુદા મતદાર વિભાગોની ચૂંટણી તારીખ : ૧૬/૧૨/૨૦૨૨ના રોજ યોજવામાં આવનાર છે. વિવિધ મતદાર વિભાગોની મતદાર યાદીઓ તા.૦૩/૧૧/૨૦૨૨ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવી છે. સદરહું મતદાર યાદી યુનિવર્સિટી વેબસાઈટ www.ngu.ac.in પર જોઈ શકાશે તથા રજાના દિવસો સિવાય બપોરના ૧૨–૦૦ વાગ્યાથી સાંજના ૫–૦૦ વાગ્યા સુધીમાં યુનિવર્સિટી કાર્યાલયમાં તે જોવા માટે ઉપલબ્ધ છે.

સ્ટેચ્યુટ–૪ની જોગવાઈ અન્વયે નોંધાયેલા સ્નાતકો અને કોલેજ શિક્ષકો એક કરતા વધુ ફેકલ્ટીમાં નોંધાયેલા છે, તેવા મતદારોએ આ જાહેરાતની તારીખથી ૭ દિવસ એટલે કે, તારીખ : ૧૦/૧૧/૨૦૨૨ સુધીમાં પોતાની પસંદગીની ફકત એક ફેકલ્ટીમાં તેમની નોંધણી ચાલુ રાખવા અંગે યુનિવર્સિટીના કામકાજના દિવસે અને સમય દરમ્યાન કુલસચિવશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ–૩૮૪ ૨૬૫ ને લેખિત જાણ જે તે મતદારની ઓળખના આધાર પુરાવા સહિત કરવાની રહેશે અને જો તેઓશ્રી આ સમય મર્યાદામાં લેખિત જાણ કરશે નહી તો માન. કુલપતિશ્રી તેઓને જે મતદાર વિભાગ એનાયત કરે તે મુજબ માન. કુલપતિશ્રીનો નિર્ણય આખરી રહેશે.

મજકૂર મતદાર યાદીઓમાં કોઈ સુધારા કરવાની જરૂર જણાય તો તે સુધારા આ યુનિવર્સિટીના સ્ટેચ્યુટસ–૫ (૩) માં કરેલી જોગવાઈ અનુસાર ચૂંટણીના ઓછામાં ઓછા ૨૫ દિવસ અગાઉ કુલપતિશ્રીના ધ્યાન ઉપર લાવવા જોઈએ. તે માટેની લેખિત અરજી મોડામાં મોડી તા.૨૦/૧૧/૨૦૨૨ સુધીમાં કુલસચિવશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ–૩૮૪ ૨૬૫ ને મળે તે રીતે મોકલી આપવાની રહેશે. ત્યાર બાદ યુનિવર્સિટી એકટ તથા સ્ટેચ્યુટની જોગવાઈઓ મુજબ વિવિધ મતદાર વિભાગોની મતદાર યાદીઓ આખરી કરવામાં આવશે.

મતદાર યાદીઓની છાપેલી નકલ યુનિવર્સિટી કાર્યાલયમાંથી વેચાતી મળી શકશે તેમજ લેખીત માંગણી કર્યેથી ઉમેદવારીપત્રો કોઈપણ મતદારને તા.૨૪/૧૧/૨૦૨૨ થી આપવામાં આવશે.

સ્થળ : પાટણ–૩૮૪ ૨૬૫ (ઉ.ગુ.)

તારીખ : ૦૨/૧૧/૨૦૨૨

આદેશથી

(ડૉ.આર.એન.દેસાઈ)

કા.કુલસચિવ